ઇ- ગ્રામ સેન્ટર મારફત 'રાશન કાર્ડ' અંગેની સેવાઓ
પુરી પાડવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: CSP/10/2019/585278/IT
સચિવાલય, ગાંધીનગર
તા.૧૯/૧૨/૨૦૧૯

**વંચાણે લીધા :-**

૧. સામાન્ય વહિવટ વિભાગ દ્વારા ફાઇલ ક્રમાંક :આઇટીપી/૧૦/૨૦૧૯૧૮૮૧૦૨/આઇટી પર મળેલ મંજુરી

૨. વિજ્ઞાન અને પ્રૌદ્યોગીક વિભાગ દ્વારા સમાનાંકિ ફાઇલ પર તા.૧૧/૧૨/૨૦૧૯ થી મળેલ મંજૂરી.

૩. અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા સમાનાંકિ ફાઇલ પર તા.03/૧૨/૨૦૧૯ થી મળેલ મંજૂરી.

**આમુખ :-**

ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અધતન, સુવ્યવસ્થિત, સમયબધ્ધ, સરળ, ઝડપી બનાવવા રાજ્યમાં વર્ષ ૨૦૦૭-૦૮ થી ઇ-ગ્રામ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૪૨૯૨ ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર્સ અને તેને આનુષાંગિક સાધન-સામગ્રી જરૂરી સોફ્ટવેર સાથેની બ્રોડબેન્ડ ઇ-કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે પી.પી.પી. મોડલના આધારે ગ્રામ કોમ્પ્યુટર સાહસિક(વી.સી.ઇ.) જોડાયેલા છે.

ઇ-ગ્રામ પંચાયતો ખાતેથી વી.સી.ઇ. દ્વારા વિવિધ G2C અને B2C, ઇ-સેવાઓ જેવી કે, જન્મ-મરણ પ્રમાણપત્ર, ચારિત્રય પ્રમણપત્ર, આવકના દાખલા, ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, ટેક્ષ કલેક્શન, વીજળી બીલ કલેક્શન, જી.એસ.પી.સી.બીલ કલેક્શન, રેલ્વે અને હવાઇ મુસાફરીની ટિકીટ, ટેલિફોન-મોબાઇલના રીચાર્જ, વીમા, મની ટ્રાન્સફર અને મ્યુચલ ફંડની કામગીરી, અન્ય વિભાગના અરજીફોર્મ વિગેરે સેવાઓ પુરી પાડવામાં આવી રહેલ છે.

ગુજરાત સરકારનાં WWW.digitalgujarat.gov.in દ્વારા અલગ-અલગ પ્રકારની એટીવીટી(ATVT) સેવાઓ પૂરી પાડવામાં આવી રહેલ છે. આ સેવાઓ પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ આવતી સેવાઓને ઇ-ગ્રામ સેન્ટર દ્વારા પૂરી પાડવાની બાબત સરકારશ્રીની સક્રીય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે રાજ્ય સરકાર દ્વારા નીચેની વિગતે આ સેવાઓ પૂરી પાડવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

ગુજરાત સરકારનાં WWW.digitalgujarat.gov.in દ્વારા આપવામાં આવતી એટીવીટી(ATVT) સેવાઓ પૈકી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નીચે મુજબની સેવાને ઇ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટી સાથે સંલગ્ન ગ્રામ કોમ્પ્યુટર સાહસિક (Village Computer Entrepreneur) દ્વારા ઇ-ગ્રામ સેન્ટર પરથી પ્રતિ સેવા રૂ.૨૦/-(અંકે રૂપિયા વીસ પુરા) લેખે પૂરી પાડવામાં આવશે.

- **રાશન કાર્ડમાંથી નામ રદ કરવુ.**
- **રાશન કાર્ડમાં નામ ઉમેરવું.**
- **રાશન કાર્ડમાં સુધારો કરવો.**

* આ સેવાઓ મેળવવા માટે નીચે મુજબની પ્રણાલી નક્કિ કરવામાં આવે છે. *

૧. રાશન કાર્ડ સંબંધિત સેવાઓ મેળવવા માટે અરજદારે ઇ-ગ્રામ સેન્ટર પર જઇ ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની મદદથી નિયત નમુનાનું ફોર્મ ભરવાનું રહેશે તથા આ ફોર્મમાં જંરૂરી સહિ કરી જરૂરી પ્રમાણપત્રોની સ્વ-પ્રમાણિત નકલ અને ડિકલેરેશન સાથે જરૂરી ફી જમા કરાવવાની રહેશે.

૨. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક અરજદારનાં ફોર્મની ચકાસણી કરી, જરૂરી પ્રમાણપત્રો સ્કેન કરી અરજદારની માહિતી ડિજીટલ ગુજરાત પોર્ટલમાં દાખલ કરશે.

૩. ગ્રામ કોમ્પ્યુટર સાહસિક દ્વારા દાખલ કરવામાં આવેલ માહિતી વિગતોની સિસ્ટમ દ્વારા અન્ય ઉપલબ્ધ ડેટાબેઝ જેમ કે, ઇલેક્શન કાર્ડ/ડીજી લોકર દ્વારા સ્વમેળે ચકાસણી કરી રીસીપ્ટ/એસ.એમ.એસ. મોકલવામાં આવશે. જેમાં અરજીનો યુનિક નંબર તથા પ્રમાણપત્ર મળવાની સંભવિત તારીખ લખેલ હશે.

૪. ત્યારબાદ સિસ્ટમ દ્વારા ઇલેક્ટ્રોનિકલી અરજી તલાટી-કમ-મંત્રીશ્રીને મંજુરી અર્થે મોકલવામાં આવશે.

૫. આ રીતે મળેલ અરજીઓ પર તલાટી-કમ-મંત્રીશ્રી નીચેની વિગતે કાર્યવાહી કરશે.

   I. અરજીની વિગતો અને દસ્તાવેજોની ચકાસણી કરશે.
   II. જો અરજી યોગ્ય માલુમ પડે તો તેને મંજુરી આપશે.
   III. જો અરજી અધુરી/અયોગ્ય માલુમ પડશે તો યોગ્ય કારણો સાથે અરજીનો અસ્વીકાર કરશે તથા તેની જાણ અરજદારને ઇ-મેલ/એસ.એમ.એસ. મારફત થશે.

૬. ત્યારબાદ અરજી નાયબ મામલતદાર(પુરવઠા)ને મળશે :-

   I. જો અરજીની તમામ વિગતો યોગ્ય હશે તો અરજીનો સ્વીકાર કરી મંજુરી અર્થે મામલતદાર (પુરવઠા)ને મોકલી આપશે.
   II. જો અરજી અધુરી/અયોગ્ય માલુમ પડશે તો યોગ્ય તે કારણો સાથે અસ્વીકાર કરશે.

૭. ત્યારબાદ અરજી મામલતદાર(પુરવઠા)ને મળશે :-

   I. જે અરજી યોગ્ય માલુમ પડ્યે મંજુરી આપશે તથા તેના પર ડિજીટલ સહિ કરશે. ત્યારબાદ અરજદારને પ્રમાણપત્ર ઇશ્યુ કરવામાં આવશે.
   II. જો અરજી અધુરી/અયોગ્ય જણાશે તો યોગ્ય કારણો સાથે અરજીનો અસ્વીકાર કરશે.

૮. અરજીની મંજુરી/અસ્વીકાર સંબંધિત કાર્યવાહિની જાણ અરજદારને ઇ-મેલ/એસ.એમ.એસ. મારફત થશે.

૯. અરજદાર ત્યારબાદ ઇ-ગ્રામ સેન્ટર પર જઇ તેમનું સુધારેલ રેશન કાર્ડ મેળવી શકશે.

૧૦. આ પ્રમાણપત્ર અરજદાર તેનાં ડીજી-લોકર એકાઉન્ટ પરથી મેળવી શકશે.

ગ્રામ કોમ્પ્યુટર સાહસિક-VCE ધ્વારા વસુલ કરવામાં આવનાર રૂ.૨૦/-ની આંતરિક વહેંચણી નીચેની વિગતે કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧. | ગ્રામ કોમ્પ્યુટર સાહસિકની સ્વનિર્ભરતા માટેની રકમ | રૂ.૧૬/- |
| ૨. | સંબંધિત ગ્રામ પંચાયતને મળનાર રકમ | રૂ.૪/- |
| | કુલ | રૂ.૨૦/- |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી (પંચાયત)ની તા.૧૯/૧૨/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(મનીષ મોદી)
સી.આઇ.ઓ. અને નાયબ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, અન્ન નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સર્વે કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- SIO, NIC, બ્લોક નં.૧૩, બીજો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ